હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

જેમ જેમ મોટી થાઉ છું તેમ... ગુલાબ વધતા જ જાય છે... તને ગુલકંદ બનાવવાની રીત આવડે છે...??

સિવિલમાં 'બાબો' જન્મ્યો ને 'બેબી' આપી હોવાનો આક્ષેપ..!

ડીલીવરી બાદ નર્સે ફાઈલમાં 'બાબો' લખ્યો પણ માતાને 'બેબી' આપતા હોબાળો : ભુલથી બાબો લખાઈ ગયુ હોવાનો હોસ્પિટલ તંત્રનો ખુલાશો : મામલો પોલીસ સ્ટેશન પહોંચતા બેબીનો ડીએનએ ટેસ્ટ થાય તેવી શક્યતા

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં હમણાથી રોજ વિવાદો અને લાપરવાહીના કિસ્સાઓ બની રહ્યા છે. આજે વધુ એક ગંભીર બાબતથી હોસ્પિટલમાં હોબાળો મચ્યો હતો અને મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો. પ્રસુતાની ડીલીવરી બાદ નર્સે ફાઈલમાં 'બાબો' લખ્યુ અને પરિવારજનોને 'બેબી' આપતા મામલો ઉગ્ર બન્યો હતો. જો કે આજના દિવસમાં થયેલી ત્રણ ડીલીવરીમાં ત્રણેય બેબી આવી હોવાનું અને નર્સથી ભુલમાં 'બાબો' લખાઈ ગયુ હોવાનું હોસ્પિટલતંત્રનું કહેવુ છે તો બીજી તરફ આ ગંભીર મામલા અંગે પ્રસુતાના પરિવારજનોને શંકા જતા ગંભીર આક્ષેપ સાથે સેક્ટર-૭ પોલીસનો સંપર્ક કરવામાં આવ્યો હતો.

સે. ૭ પીએસઆઈ એસ.ડી. ચૌધરી હોસ્પિટલમાં પહોંચી ગયા હતા. પ્રાથમિક તપાસમાં આ ઘટના નર્સ દ્વારા ફાઈલ પર ભુલથી 'બાબો' લખાઈ જવાના કારણે ઉદ્‌ભવી હોવાનું પોલીસનું માનવુ છે તેમ છતાં પરિવારજનોના આક્ષેપને ધ્યાને લઈ આ બાબત પુરવાર કરવા 'બેબી'નો ડીએનએ ટેસ્ટ કરાવવા પરિવારજનો અને કોઈની સંમતી લઈ ડીએનએ ટેસ્ટ કરવામાં આવે તેવી શક્યતા વર્તાઈ રહી છે.

વિધાનસભા બજેટ સત્રને પગલે શહેરમાં લોખંડી પોલીસ બંદોબસ્ત

સત્ર દરમિયાન રેલી-ધરણા વધુ થવાની શક્યતાને પગલે આ વખતે એક કંપની એસઆરપી વધુ મુકાશે

ગાંધીનગર, તા. ૧૬

સોમવારથી વિધાનસભાના બજેટ સત્રનો પ્રારંભ થનાર છે. જે અનુસંધાને પાટનગરમાં લોખંડી પોલીસ બંદોબસ્ત તૈનાત કરવામાં આવશે. ચાલુ વર્ષે વિધાનસભાની ચૂંટણી હોવાથી રાજકીય ઉત્તેજના ફેલાય તેવા કાર્યક્રમો ઘડાય અને રેલી-ધરણાઓ પણ થાય તેવી શક્યતાના પગલે આ વખતે રૂટીન બંદોબસ્ત કરતાં એક કંપની એસઆરપી વધુ મુકવામાં આવશે તેવું જાણવા મળ્યું છે.

વિધાનસભાનું બજેટ સત્ર સોમવારથી શરૂ થશે જેને પગલે એસ.પી.ના સુપરવિઝન હેઠળ કડક બંદોબસ્ત ગોઠવવામાં આવશે. ચાર ડીવાયએસપી, ૧૧ પી.આઈ, ૨૫૦ પોલીસ જવાનો, ૭૦ મહિલા પોલીસ, ૨૦ કમાન્ડો, ચાર કંપની એસઆરપી અને ત્રણ બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડની ટીમો બંદોબસ્ત માટે પાટનગરમાં તૈનાત રાખવામાં આવશે. એક તરફ ચૂંટણી માથે છે અને બીજી તરફ નલીયાકાંડ અને સાણંદ કાંડ ચર્ચાસ્પદ બન્યો છે ત્યારે વિધાનસભા સત્ર તોફાની બને તેવી પણ શક્યતાઓ છે. રેલી-સરઘસ અને ધરણા જેવા કાર્યક્રમો ઉપરાંત સરકાર વિરોધી પ્રદર્શનો પણ થશે તેવા સંકેતોને પગલે લોખંડી પોલીસ બંદોબસ્ત મુકવા ઉપરાંત એક કંપની એસઆરપી વધુ મુકવામાં આવશે.

ન્યૂ ગાંધીનગરમાં સરગાસણ ખાતે નવા અંતિમધામની પાસે આકાર પામેલું તળાવ કેટલાય વખતથી 'જૈસે થે' સ્થિતિમાં પડી રહ્યું છે અને પોતાની આબાદીની રાહ જોઈ રહ્યું છે. સ્થાનિક રહીશો પણ આ તળાવનું કામકાજ આગળ ચાલે ને તેનામાં રોનક વધે તેવું ઈચ્છી રહ્યા છે.

વિશ્વકર્મા સમાજના અગ્રણી પી. એ. ગજજરનું અવસાન

સચિવાલયના મહેસૂલ વિભાગમાં અઢી દાયકા અલગ અલગ શાખાઓમાં સેવા આપી નિવૃત્ત થયેલ પી. એ. ગજજર વિશ્વકર્મા સમાજના સ્થાપનથી આજ પર્યન્ત સક્રિય રહ્યા છે

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર વિશ્વકર્મા સમાજના પૂર્વ પ્રમુખ અને નિવૃત્ત સેકસન અધિકારી પુરુષોત્તમભાઈ એ. ગજજર (પી.એ.ગજજર)નું આજે બપોરે હૃદયરોગના હુમલામાં અવસાન થતાં ભારે શોકની લાગણી પ્રસરી ગઈ હતી.

સચિવાલયના મહેસૂલ વિભાગમાં અઢી દાયકા અલગ અલગ શાખાઓમાં સેવા આપી નિવૃત્ત થયેલ પી. એ. ગજજર વિશ્વકર્મા સમાજના સ્થાપનથી આજ પર્યન્ત સક્રિય રહ્યા છે. નાગરની અનેક સામાજિક સંસ્થાઓ સાથે પણ તેઓ સંકળાયેલા હતા. ગુજરાત રાજ્યના વિશ્વકર્મા સમાજમાં પણ ગાંધીનગરનું પ્રતિનિધિત્વ વર્ષોથી કરતા હતા.

સદ્‌ગતની અંતિમ યાત્રામાં સમાજના આગેવાનો તથા જ્ઞાતિજનો મોટી સંખ્યામાં જોડાયા હતા. હજુ ગઈકાલે જ સમાજના સમૂહ લગ્નમાં અસરકારક વક્તવ્યનું સૌ સ્મરણ કરતા હતા. તેઓ ગાંધીનગરની જાણીતી ગજજર ગ્રાફિક્સના યોગેશ ગજજર અને જાણીતા સી.એ. ભરત ગજજરના પિતા થાય છે. સદ્‌ગતનું બેસણું તા. ૨૦-૨-૨૦૧૭ને સોમવારે સવારે ૯ થી ૧૨ વિશ્વકર્મા મંદિર હોલ, સેક્ટર-૧૨ ખાતે રાખેલ છે.

પાંચ સેક્શન અધિકારીની બદલીને ૭૩ ને બઢતી અપાઈ

ગાંધીનગર, તા. ૧૬

રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગે આજે સચિવાલયના પાંચ સેક્શન અધિકારીઓની બદલી કરી છે અને ૭૩ જેટલા નાયબ સેક્શન અધિકારીઓને સેક્શન અધિકારી તરીકે બઢતી આપી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ સચિવાલયમાં વય મર્યાદાથી નિવૃત્તિને કારણે સેક્શન અધિકારીઓની જગ્યાઓ મોટા પાયે ખાલી પડી હતી. આજે સાંજે સામાન્ય વહીવટ વિભાગે પાંચ સેક્શન અધિકારીઓની બદલી અને ૭૩ જેટલા નાયબ સેક્શન અધિકારીઓને સેક્શન અધિકારી તરીકે બઢતીના હુકમો જારી કર્યા છે.

બદલીના આ હુકમોનો તાત્કાલિક અસરથી અમલ કરવા માટે પણ આ હુકમમાં તાકીદ કરવામાં આવી છે. સોમવારથી રાજ્ય વિધાનસભાનું અંદાજપત્ર શરૂ થઈ રહ્યુ હોવાથી ઘણા સમયથી ખાલી પડેલી આ જગ્યાઓ પર આજે નિમણુંકના હુકમો જારી કરી દેવામાં આવતાં કર્મચારીઓમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો છે.

સેક્ટર-૬ ખાતે સ્થિત સરસ્વતી સ્કૂલ ખાતે વાર્ષિક ૨ મતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં અને ઉત્સાહથી ભાગ લીધો હતો. તન ઉપરાંત મનને રંજિત કરે તેવી રમતો રમીને વિદ્યાર્થીઓએ ભરપૂર આનંદ પ્રાપ્ત કર્યો હતો.

કન્યાદાન વિધિએ પિતાને જેલમુક્ત કર્યા..!

શિહોલી મોટી ગામમાં ડી.જે.નો અવાજ ધીમે કરવા બાબતે થયેલા ફાયરીંગ પ્રકરણમાં થયેલી ફરિયાદમાં વરરાજા અને દુલ્હનના પિતાના નામ હતા

ગાંધીનગર, તા. ૧૬

ચિલોડા નજીક શિહોલી મોટી ગામમાં બે દિવસ અગાઉ રાત્રે લગ્નના વરઘોડામાં ડીજેનો અવાજ ધીમો ન કરવા જેવી નજીવી બાબતે પડોશી દ્વારા ત્રણ રાઉન્ડ ધડાધડ ફાયરીંગ કરવામાં આવ્યું હતું. આ પ્રકરણણાં સામ સામે કોસ ફરિયાદ નોંધાવા પામી હતી. ચિલોડા પોલીસે ગઈકાલે બપોરે ફાયરીંગ કરનાર ત્રણ શખ્સોની ધરપકડ કરી લીધી હતી અને ત્યાર બાદ કોસ ફરિયાદમાં નોંધાયેલા આરોપીઓ પૈકી એકની ધરપકડ કરી લીધી હતી.

મળતી વિગત મુજબ પછીથી જે વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હતી તે વ્યક્તિ જેના દિકરીના લગ્ન હતા તેના પિતા જ હતા. બીજા દિવસે એટલે કે આજે તેણે પોતાની દિકરીનું કન્યાદાન કરવાનું હતુ. એક તરફ દિકરીના લગ્ન, બીજી તરફ લગ્નના મહેમાનો અને તેમની આગતા-સ્વાગતાની ફરજો હતી અને દિકરીના પિતાની મારામારી પ્રકરણમાં ધરપકડ થઈ હતી. બીજા દિવસે દિકરીની કન્યાદાન વિધિ હતી અને પિતા જ જેલમાં હતા તો કન્યાવિધિ કેવી રીતે થશે ? તે એક મોટો પ્રશ્ન ઉભો થયો હતો. જો કે ચિલોડા પોલીસ દ્વારા આરોપીની ધરપકડ કર્યા બાદ તેને મોડી રાત્રે જામીન આપી મુક્ત કરી દેતા પ્રસંગ પણ સચવાઈ ગયો હતો. તો બીજી તરફ વરરાજા સામે પણ ગુનો દાખલ થયેલો છે લગ્ન પુરા થયા બાદ તેની પણ ધરપકડ કરવામાં આવશે તેમ પીઆઈ એલ.ડી. વાઘેલાએ જણાવ્યું હતું.

ગાંધીનગર-સાદરા રૂટ ઉપર બસની અનિયમિતતાથી વિદ્યાર્થીઓ અકળાયા

ચિલોડા, શિહોલી, દશેલા, બોરીયા, દોલારાણા વાસણા, ચેખલારાણી, જાખોરાના ગામોના વિદ્યાર્થીઓના અભ્યાસ ઉપર માઠી અસર

ચિલોડા, તા. ૧૬

ગાંધીનગર ડેપો સંચાલિત સવારે સાદરાથી ગાંધીનગર અને બપોરે ગાંધીનગરથી સાદરા બસ સતત અનિયમિત બની જતાં વિદ્યાર્થીઓ હાલાકીથી અકળાઈ ઉઠ્યો છે. બસને નિયમિત કરવા વહીવટીતંત્ર સમક્ષ અનેકવાર લેખિત તથા મૌખિક રજૂઆતો કરી ચુક્યા છતાં કોઈ જ પગલાં ન લેવાતા ગુરૂવારના રોજ વિદ્યાર્થીઓએ ચિલોડા એસ.ટી. પોઈન્ટ ઉપર હોબાળો મચાવી દીધો હતો. ગાંધીનગરમાં અભ્યાસ અર્થે આ બસમાં જતા વિદ્યાર્થીઓના અભ્યાસ ઉપર માઠી અસરો વર્તાઈ છે તેમજ ખાનગી વાહનોમાં જીવના જોખમે અભ્યાસ ઉપર જવા મજબુર થવું પડે છે. જેથી આ અંગે યોગ્ય કાર્યવાહી કરવા વિદ્યાર્થીઓએ ડેપો મેનેજર ગાંધીનગરમાં આખરી લેખિત કાર્યવાહી કરી છે.

મળેલ વિગતો મુજબ ચિલોડા, શિહોલી, દશેલા, બોરીયા દોલારાણા વાસણા, ચેખલારાણી અને સાદરાના ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓ દૈનિક ગાંધીનગર ખાતે અભ્યાસ અર્થે અવરજવર કરે છે. જેઓ સવારે સાદરાથી ગાંધીનગર જતી બસનો ઉપયોગ કરે છે પરંતુ છેલ્લા ઘણા સમયથી આ બસ સમયસર આવતી નથી અને વિદ્યાર્થીઓ ના છુટકે ઘેટાં-બકરાંની જેમ જીવના જોખમે ખાનગી વાહનોનો ઉપયોગ કરી આર્થિક નુકસાન વેઠીને અભ્યાસને મહત્વ આપે છે. વધુમાં સમય પછી આવતી આ બસ ખાલીખમ આવન-જાવન કરી પ્રજાના નાણાંનો વેડફાટ કરે છે. અને આ અંગે વિદ્યાર્થીઓએ વારંવાર લેખિત તથા મૌખિક રજૂઆતો સક્ષમ અધિકારી સમક્ષ કરી છે પરંતુ પરિણામ પ્રાપ્ત થયુ નથી.

છેવટે ગુરૂવારના રોજ એકઠા થયેલા વિદ્યાર્થીઓએ ચિલોડા એસ.ટી. પોઈન્ટ ઉપર દેકારો મચાવી દીધો હતો અને પોતાના બગડતા અભ્યાસની ચિંતા અને કારકિર્દી ઉપર થતી માઠી અસરો અંગે કંન્ટ્રોલ પોઈન્ટ ઉપર રજૂઆત કરી હતી, છેલ્લુ લેખિતમાં ડેપો મેનેજર ગાંધીનગરને આપી આ અંગે યોગ્ય ઉકેલ નહી આવે તો અહિંસગ આંદોલન તેમજ રસ્તા રોકો આંદોલન કરવાની ફરજ પડશે તેવુ જણાવી દીધુ છે. વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડી રહ્યો છે ત્યારે રાજ્ય સરકારે પણ આ અંગે ચિંતિત બની દેશના ભવિસ્યમાં સુવિધા ઉપલબ્ધ કરાવવી જોઈએ તેવી માંગ વિદ્યાર્થીઓ તથા વાલીઓ દ્વારા કરાઈ છે.

આયોજન મંડળના કામો જોવા ઉચ્ચસ્તરીય ટીમ દહેગામ પહોંચી

ગાંધીનગર જિલ્લામાં આયોજન મંડળ દ્વારા ચાલી રહેલા વિકાસના કામોની ચકાસણી અને સમીક્ષા માટે સચિવાલય કક્ષાએથી એક ટીમ દહેગામ તાલુકામાં પહોંચી હતી. મળતી વિગતો પ્રમાણે સરકારના આયોજન પ્રભાગની એક ઉચ્ચસ્તરીય ટીમ આ કામોની તપાસ માટે ગઈ હતી અને દહેગામ તાલુકામાં ચાલી રહેલા વિકાસના પાંચ જેટલા કામોનું નિરીક્ષણ કર્યુ હતુ.

જિલ્લામાં પ્રથમવાર આયોજન મંડળ હસ્તક ચાલી રહેલા વિકાસના કામોની ચકાસણી માટે રાજ્યકક્ષાની ટીમ આવી હોવાનું જાણવા મળેલ છે. જિલ્લામાં આયોજન મંડળ દ્વારા વિકાસના કામોને વહીવટીય અને તકનીકી મંજૂરીઓ આપી દેવામાં આવી હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. આયોજન મંડળ દ્વારા આયોજનના કામો ઉપરાંત ધારાસભ્યો અને સંસદસભ્યોને અપાતી વિસ્તાર વિકાસની ગ્રાન્ટમાંથી સૂચવાયેલા કામો હાથ ધરવામાં આવતા હોય છે. તંત્ર દ્વારા આ કામોને પહેલાં પ્રાથમિક મંજૂરી આ પછી વહીવટીય મંજૂરી અને તકનીકી મંજૂરી આપવામાં આવે છે.

ગાંધીનગર જિલ્લાની ગોએન્કા હોસ્પિટલ દ્વારા માણસા તાલુકાના મહુડી ગામે તા. ૧૫મી ફેબ્રુઆરીએ આરોગ્યલક્ષી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં મહુડી ગામના ૨૨૫થી વધુ દર્દીઓએ આરોગ્ય વિષયક નિઃશુલ્ક સેવાઓનો લાભ લીધો હતો. ગોએન્કા હોસ્પિટલના ચેરમેન અને મેનેજિંગ ડીરેક્ટર અપૂર્વ ગોએન્કાની પ્રેરણા અને માર્ગદર્શનથી યોજવામાં આવેલા આરોગ્યલક્ષી કેમ્પમાં ગોએન્કા હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડૉ. પંકજ ત્રિવેદી, તબીબી સ્ટાફ, નર્સિંગ સ્ટાફ, માર્કેટીંગ તથા વહીવટી સ્ટાફે સાથે સહકાર પૂરો પાડ્યો હતો.

અહો વૈચિત્ર્યમ્... ગાંધીનગર તાલુકામાં આચાર્ય વગરની શાળા..!!!

રતનપુર ગામે પ્રાથમિક શાળામાં છેલ્લા ૩ વર્ષથી મુખ્ય શિક્ષક જ નથી : જગ્યા પસંદ કરી રોકી રાખનાર શિક્ષક હાજર થતા નથી : ગ્રામજનોની તાળાબંધીની ચિમકી

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર તાલુકાના રતનપુર ગામે પ્રાથમિક શાળા છેલ્લા ૩ વર્ષથી મુખ્ય શિક્ષક એટલે કે આચાર્ય વગર જ ચાલી રહી છે. આ કારણે અહીં ભણતા ૨૨૫થી વધુબાળકોનુંશૈક્ષણિક ભાવિ જોખમમાં મુકાયું છે. ગામના અગ્રણીઓના જણાવ્યા અનુસાર કોઈ શિક્ષકે આ શાળાને પસંદ કરી ત્રણ વર્ષથી જગ્યા રોકી દીધી હોવાના કારણે આ પરિસ્થિતિ સર્જાઈ છે.

એક તરફ સરકાર દ્વારા ગુણોત્સવ અને કન્યા કેળવણી જેવા કાર્યક્રમો યોજવામાં આવે છે અને બીજી તરફ 'દિવા તળે અંધારુ'ની જેમ ગાંધીનગર તાલુકામાં જ એક પ્રાથમિક શાળા મુખ્ય શિક્ષક વગર જ રામ ભરોસે ચાલી રહી છે. આ શાળામાં આચાર્યની જગ્યાનો ચાર્જ તા. ૩૧મી ડિસેમ્બર ૨૦૧૪થી લઈ શાળામાં હાજર જ ન થનાર શિક્ષકે શાળાના બાળકોના ભાવિ સામે પ્રશ્નાર્થ ઉભા કર્યા છે. શાળામાં શૈક્ષણિક ગુણવત્તાનું સ્તર અત્યંત કથળી રહ્યું હોવાની ગ્રામજનોની ફરિયાદ છે. આ બાબતે ગ્રામજનોએ અનેક રજૂઆત કરવા છતાં બહેરા તંત્રના કાને અથડાઈને પરત ફરી છે. હવે ગ્રામજનોએ છેલ્લુ શસ્ત્ર ઉગામતા સત્વરે આ શાળામાં આચાર્યની નિમણુંક નહી કરાય તો શાળાને તાળાબંધી કરવાની ચિમકી ઉચ્ચારી છે. આ બાબતે ગ્રામ્ય શિક્ષણ સમિતિએ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને લેખિત રજૂઆત પણ મોકલી આપી છે.

નારી શક્તિની હંમેશાં શક્તિ સ્વરૂપે પૂજા થાય છે : રૂપાણી

અમદાવાદ, તા.૧૬

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું કે, ભારતીય સંસ્કૃતિમાં નારી શક્તિની હંમેશા શક્તિસ્વરૂપે પૂજા અર્ચના થાય છે. સમગ્ર વિશ્વમાં એકમાત્ર ભારતીયસંસ્કૃતિ પરંપરામાં ઈષ્ટદેવતાઓમાં શક્તિસ્વરૂપે નારીને સ્થાન મળ્યું છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આજે ખેડા ખાતે રાજમાન રાજેશ્વરી ભગવતી મેલડી માતાના મઢના ખાતો શ્રદ્ધા અને ભક્તિભાવપૂર્વક પૂજા અર્ચના કરી દર્શન કર્યા હતા. ભગવતી મા મેલડીના ૩૩મા પાટોત્સવ નિમિત્તે મુખ્યમંત્રીએ વિશ્વ શાંતિ અને કલ્યાણ માટે યોજાયેલ ઋણવેદ સ્વાહાકાર મહાયજ્ઞમાં પૂજા અર્ચના કરી શ્રીફળ હોમ કર્યો હતો. આ અવસરે મુખ્યમંત્રી વિજય રૂપાણી, અંજલીબેન રૂપાણી તથા સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી આત્મારામ પરમારે માઈ ભક્તોના સંકલ્પ સાકાર કરતા ૩૦૦૦ જેટલા ગરબાઓનું પ્રસ્થાન કરાવ્યું હતું.

કામધેનુ યુનિવર્સિટી

કર્મયોગી ભવન, બ્લોક-૧, વિંગ-બી, ૪થો માળ, સેક્ટર-૧૦એ, ગાંધીનગર-૩૮૨૦૧૦. ફોન નં. : (૦૭૯) ૨૫૭૨૧૮૧૮

ટેન્ડર નિવિદા નં.૨૬ ઓફ ૨૦૧૬-૧૭

કામધેનુ યુનિવર્સિટી નીચે મુજબના કામ માટેનું ટેન્ડર આવકારે છે.

કામનું નામ : કામધેનુ યુનિવર્સિટી ખાતે પ્રિન્ટરના ટોનર રીફીલીંગ જેવી કામગીરીઓ માટે વાર્ષિક ભાવકરારનું કામ.

ક્રમ નં.	વિગત	અગત્યની તારીખો
૧	બીડ ડાઉનલોડ કરવા માટેની તારીખ	તા. ૧૭/૨/૨૦૧૭થી શરૂ કરી તા. ૯/૩/૧૭ના રોજ ૧૭.૦૦ કલાક સુધી

રસ ધરાવતી પાર્ટીઓ www.ku-guj.org પરથી ટેન્ડર ડાઉનલોડ કરી, ટેન્ડર દસ્તાવેજમાં દર્શાવ્યા અનુસારની પ્રક્રિયાથી ટેન્ડર સબમિટ કરી શકે છે. ટેન્ડર મંજુર કરવાની કે ના મંજુર કરવાની તમામ આખરી સત્તા નીચે સહી કરનાર અધિકારીશ્રીની અબાધિત રહેશે.

માહિતી/૨૭૪૩/૧૬-૧૭ કાર્યપાલક ઈજનેર